# BIO MEDICAL WASTE CATEGORIES & SEGREGATION METHOD
## (BMW Rules - 2016)




### CATEGORY YELLOW :

**Human Anatomical Waste :** Human tissue, organs, body parts and fetus below the viability period (as per MTP Act 1971).

**Soiled Waste :** Items contaminated with blood, body fluids, like dressings, Plaster casts, cotton swabs and bags containing residual or discarded blood and blood components.

**Discarded linen, mattresses, beddings contaminated with blood or body fluid.**

**Expired or Discarded Medicines :** Pharmaceutical waste like antibiotics, cytotoxic drugs etc.

**Microbiology, Biotechnology & Other Clinical Laboratory Waste :** Blood bags, Laboratory cultures, stocks or specimens of micro-organisms, human and animal cell cultures used in research, industrial laboratories.

**Chemical Waste :** (In separate Container) Chemicals used in production of biological and used or discarded disinfectants.


**Chemical Liquid Waste :** (In separate Container) Liquid generated due to use of chemical and discarded disinfectant, Silver X-ray film developing liquid, liquid from laboratories etc.

**Animal Waste :** Experimental animal carcasses, body parts, organ, tissues etc.










### CATEGORY RED

**Contaminated Waste (Recyclable) :** Wastes generated from disposable items such as I.V. Set, I.V. bottles, intravenous tubes and sets, catheters, tubing, urine bags, syringes (without needle and fixed needle syringes) and vaccutainers with their needles cut and gloves.

### CATEGORY BLUE

**(In blue bags / cardboard boxes with blue colored marking)**

**(a) Glassware :** Broken or discarded and contaminated glass including medicine vials and ampoules except those contaminated with cytotoxic waste.

**(b) Metalic Body Implants.**

### CATEGORY WHITE

**(Translucent-Puncture proof leak proof container)**

**Waste Sharps Including Metals :** Needles, syringes with fixed needles, needles from needle tip cutter or burner, scalpels, blades or any other contaminated sharp object that may cause puncture and cuts, This includes both used, discarded and contaminated metal sharps.

**BMW SEGREGATION AS PER CATEGORIES IS SOLE RESPONSIBILITY OF GENERATORS (HOSPITALS/CLINICS)**

DISTRO
EST : 2002

**DISTROMED BIO CLEAN PVT. LTD.**

*Common Bio Medical Waste Treatment Facility*

**OFFICE :** 307-308, Century Center, Kanta Stree Vikas Gruh Road, Nr. Gujarat Samachar Press, Rajkot - 360 002. Phone : 0281 - 2225233, 6593050

SG Certifications Pvt. Ltd.
ISO 9001 : 2008 & 14001 : 2004
Certificate No.: SG/XX-V/12-650

# બાયો મેડિકલ વેસ્ટ કેટેગરી અને સેગ્રીગેશન પધ્ધતિ
# (BMW Rules - 2016)




## કેટેગરી યેલો (Yellow)

**હ્યુમન એનેટોમીકલ વેસ્ટ :** પ્લાસન્ટા, શરીરની માંસપેશી, માનવ અંગ (હાથ, પગ, આગળી, સર્ટીફાઈડ અપરિપક્વ શીશુ/ગર્ભ (MTP એક્ટ મુજબ) તેમજ અન્ય હ્યુમન એનેટોમીકલ વેસ્ટ.

**સોઈલ્ડ વેસ્ટ :** લોહી કે શરીરનાં પ્રવાહીથી ખરડાયેલ વસ્તુ જેવી કે ડ્રેસીંગ મટીરીયલ્સ, કોટન, બેન્ડેજ, ડ્રેસીંગ, સ્પુટમ કપ, કેથેટર, પ્લાસ્ટર કાસ્ટ તેમજ ખાલી કરેલી / કમ્પોનન્ટ બ્લડ બેગ્સ વગેરે.

**ડિસ્કાર્ડેડ લીનન, લોહી કે શરીરનાં પ્રવાહીથી ખરડાયેલી લીનન, બેડ્ઝ, બેડ શીટ વગેરે.**

**એક્સ્પાયર્ડ અને ડિસ્કાર્ડેટ દવાઓ :** ફાર્માસ્યુટીક વેસ્ટ જેવા કે વપરાયેલી, ખરાબ થયેલી તેમજ એક્સ્પાયર્ડ થયેલી દવાઓ કે જેમાં એન્ટીબાયોટીક અને સાયટોટોક્સીક દવાનો સમાવેશ થાય છે.

**માઈક્રો બાયોલોજી, બાયોટેક્નોલોજી તેમજ અન્ય ક્લીનીકલ લેબોરેટરી વેસ્ટ :** બ્લડ બેગ્સ, લેબોરેટરી કલ્ચર, બાયોલોજીકલ ટોક્સીન વેસ્ટ તેમજ રીસર્ચ દરમ્યાન ઉત્પન્ન થતો વેસ્ટ વગેરે.

**કેમીકલ વેસ્ટ (અલગ કન્ટેઈનરમાં) :** મીડીયા (બાયોલોજીકલ બનાવવમાં વપરાયેલ કેમીકલ તેમજ વપરાયેલ / ઉપયોગ થયેલ ડિસઈન્ફેક્ટેડ કેમીકલ્સ.

**પ્રવાહી કેમીકલ વેસ્ટ (અલગ કન્ટેઈનરમાં) :** વપરાયેલ પ્રવાહી કેમીકલ, વપરાયેલ / ઉપયોગ થયેલ ડિસઈન્ફેક્ટેડ પ્રવાહી કેમીકલ તેમજ એક્સ-રે ફિલ્મનાં ડેવલપીંગમાં વપરાયેલ પ્રવાહી, લેબોરેટરીનું પ્રવાહી વગેરે.

**એનીમલ વેસ્ટ :** પ્રાણીનાં ટ્રીટમેન્ટ દરમ્યાન ઉત્પન્ન થતો વેસ્ટ.




## કેટેગરી રેડ (Red)

**કન્ટામીનેટેડ (રીસાયકલેબલ) વેસ્ટ :** ડિસ્પોઝલ વસ્તુઓ જેવી કે આઈ.વી. સેટ, આઈ.વી. બોટલ, નીડલ વગરની સીરીંજ, કેથેટર્સ, ટ્યુબીંગ, યુરીન બેગ, વેક્સીનેટેડ સીરીંજ વગેરે.





## કેટેગરી બ્લુ (Blue)

(બ્લુ બેગમાં / બ્લુ સિમ્બોલ સાથે કાર્ડબોર્ડ બોક્સ)

**(a) કાચની વસ્તુઓ :** તુટેલા/વપરાયેલ ગ્લાસ જેવા કે ગ્લાસ બોટલ, ઈન્જેક્શન વાયલ / એમ્પ્યુલ્સ (સાયટોટોકસીક સિવાયનાં)

**(b) મેટાલીક બોડી ઈમ્પ્લાન્સ**




## કેટેગરી વ્હાઈટ (White)

(સફેદ ટ્રાન્સ્પેરન્ટ પંક્ચર પ્રુફ કન્ટેઈનર્સમાં)

શાર્પ વેસ્ટ : પંક્ચર અને ઈજા થાય તેવી ધારદાર વસ્તુઓ જેવી કે બર્ન/કટ કરેલી નીડલ્સ, બ્લેડ, સ્કાલ્પવેઈન, આઈ.વી. સેટની નીડલ, એલ.પી. નીડલ, ટાંકા લેવાની નીડલ વગેરે (વપરાયેલ કે ખરાબ થયેલી દરેક ધારદાર મેટલ)

**BMW SEGREGATION AS PER CATEGORIES IS SOLE RESPONSIBILITY OF GENERATORS (HOSPITALS/CLINICS)**

DISTRO
EST : 2002

**DISTROMED BIO CLEAN PVT. LTD.**

*Common Bio Medical Waste Treatment Facility*

**OFFICE :** 307-308, Century Center, Kanta Stree Vikas Gruh Road, Nr. Gujarat Samachar Press, Rajkot - 360 002. Phone : 0281 - 2225233, 6593050

ISO 9001 : 2008 & 14001 : 2004
Certificate No.: SG/XX-V/12-650

# બાયો મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ - ૨૦૧૬

હેલ્થકેર ફેસીલીટી માટે ખાસ ધ્યાનમાં લેવા જેવી બાબતો - BMW Rules 2016 અંતર્ગત અગત્યના ફેરફાર
(As per BMW rule-4 " Duties of Occupier's")

૧. બાયો મેડીકલ વેસ્ટની અગાઉની કુલ ૧૦ કેટેગરીનું માત્ર ૪ કેટેગરીમાં રૂપાંતર. (આ નવી કેટેગરીની માહિતી માટે આ સાથે કલર પ્રિન્ટેડ સ્ટીકર આપેલ છે.) હવે બાયો મેડીકલ વેસ્ની મુખ્યત્વે કુલ ૪ કેટેગરી જ રહેશે.
**(૧) યેલો – Yellow (૨) લાલ – Red (૩) વ્હાઈટ – White (૪) બ્લુ – Blue**
આ ચારેય કેટેગરી તેના નામ પ્રમાણેની જ બેગમાં એકઠો કરવાનો રહેશે. આ ચારેય કેટેગરીમાં ક્યાં-ક્યાં પ્રકારનો વેસ્ટ આવશે તે માટે આ ''કેટેગરી-સ્ટીકર'' માં વિસ્તૃત માહિતી આપેલ છે. આ કેટેગરી (કેટેગરી-સ્ટીકર) પ્રમાણે જ બાયો મેડીકલ વેસ્ટનું સેગ્રીગેશન કરવાનું રહેશે. યોગ્ય સેગ્રીગેશન માટે હોસ્પીટલ/ક્લીનીકની જ જવાબદારી રહેશે.

૨. કેટેગરી પ્રમાણે સેગ્રીગેશન કે વેસ્ટ એકઠો કરવામાં નહીં આવે તો તેવા કિસ્સામાં હોસ્પીટલ/ક્લનીકનું બાયો મેડીકલ વેસ્ટનું કલેક્શન બંધ કરવામાં આવી શકે છે.

૩. આપની હોસ્પીટલ/ક્લીનીકમાં એકઠો કરવામાં આવતો વેસ્ટ યોગ્ય બેગમાં રાખેલો હોવો જોઈએ.

૪. આપની હોસ્પીટલ/ક્લીનીકમાં વપરાતા ગ્લોઝ અને બ્લડ બેગ નોનક્લોરીનેટેડ પ્લાસ્ટીકમાંથી જ બનેલી હોવી જોઈએ. આ માટે હોસ્પીટલ/ક્લીનીક મેન્યુફેક્ચર પાસે નોનક્લોરીનેટેડ બેગ સપ્લાય માટે કહી શકે છે.

૫. દરેક હોસ્પીટલ/ક્લીનીક દ્વારા મેડીકલ/પેરામેડીકલ સ્ટાફ માટે શરૂઆતમાં (at the time of joining/induction) અને વર્ષમાં એકવાર બાયો મેડીકલ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત ટ્રેનિંગ/લેક્ચરનું આયોજન કરવું ફરજીયાત છે. આ માટે દરેક હોસ્પીટલ/ક્લીનકે રેકર્ડ (વિગતવાર માહિતી) પણ રાખવાની રહશે અને આ રેકર્ડ માહિતીનો જી.પી.સી.બી.માં વાર્ષિક રીપોર્ટ ''Annual Reprot Form-IV'' માં ઉલ્લેખ પણ કરવાનો રહેશે.

૬. હોસ્પીટલ/ક્લીનીકમાં દરરોજ ઉત્પન્ન થતાં બાયો મેડીકલ વેસ્ટ માટે કેટેગરી અને કલર કોડેડ બેગ પ્રમાણે ''BMW Generation Register'' માં નોંધ કરવી ફરજીયાત છે. હોસ્પીટલ/ક્લીનીકમાં રોજ-રોજ ઉત્પન્ન થતાં બાયો મેડીકલ વેસ્ટની આ રજીસ્ટરમાં નોંધ કરવી અને જી.પી.સી.બી. વિઝીટ વખતે આ રજીસ્ટર બતાવવું ફરજીયાત રહેશે.

૭. હોસ્પીટલ/ક્લીનીકમાં બાયો મેડીકલ વેસ્ટ હેન્ડલીંગ સાથે સંકળાયેલ દરેક સ્ટાફ માટે વર્ષમાં એકવખત વેક્સીનેશન/હેલ્થ ચેકઅપ ફરજીયાત રહેશે. સ્ટાફનાં વેક્સીનેશન અને હેલ્થ ચેકઅપની વિગતવાર માહિતી (રેકર્ડ) રાખવા ફરજીયાત છે.

૮. હોસ્પીટલ/ક્લીનીકમાં બાયો મેડીકલ વેષ્ટનાં હેન્ડલીંગ દરમ્યાન કોઈ એક્સીડન્ટ જેવા કે વેસ્ટમાં આગ લાગવી, નાનો બ્લાસ્ટ થવો, સ્પીલેજ (લીકેજ) થવું વગેરે માટે વિગતવાર માહિતી (રેકર્ડ) રાખવો અને આ માટે BMW Rules પ્રમાણે ''Accident Report Form-I'' ભરવું. કોઈ પ્રકારનું Accident ન હોય તેવા કિસ્સામાં Form-I Nil ભરવું ફરજીયાત છે. આ Form-I નો જી.પી.સી.બી.નાં ''Annual Reprot Form-IV''માં ઉલ્લેખ કરવો ફરજીયાત રહેશે.

૯. હોસ્પીટલ/ક્લીનક દ્વારા બાયો મેડીકલ વેસ્ટનાં તમામ રેકર્ડ (BMW રજીસ્ટર - Annual Report, Collection Receipt, BMW Authorization વગેરે) ૫ વર્ષ સુધી સાચવવાનાં રહેશે / જાળવવાનાં રહેશે.

૧૦. ૩૦ કરતાં વધારે બેડ ધરાવતી હોસ્પીટલ માટે બાયો મેડીકલ વેસ્ટનાં હેન્ડલીંગનાં મેનેજમેન્ટ માટે એક કમીટી રચવાની રહેશે. આ કમીટી હોસ્પીટલમાં બાયો મેડીકલ વેસ્ટનાં હેન્ડલીંગની દેખરેખ રાખશે અને હોસ્પીટલમાં યોગ્ય બાયો મેડીકલ વેસ્ટનાં મેનેજમેન્ટ માટે આ કમીટીએ દર છ માસે એક મીટીંગ કરવાની રહેશે અને મીટીંગની નોંધની વિગત ''Annual Reprot Form-IV''માં આપવાની રહશે.

૧૧. ૩૦ કરતા ઓછી બેડ ધરાવતી હોસ્પીટલ માટે બાયો મેડીકલ વેસ્ટનાં યોગ્ય વ્યવસ્થાપન માટે એક ક્વોલીફાઈડ પર્સનની નિમણુંક કરવાની રહેશે. જે રોજેરોજની કામગીરીની દેખરેખ કરશે અને તેનો વાર્ષિક અહેવાલ ''Annual Reprot Form-IV''માં આપવાનો રહેશે.

૧૨. **Legal Compliances :**
**<u>BMW Authorization :</u>** બાયો મેડિકલ વેસ્ટ ઉત્પન્ન કરતાં દરેક બેડેડ હોસ્પીટલ અને નોન બેડેડ ક્લીનીક/ડિસ્પેન્સરી માટે જી.પી.સી.બી.નું BMW Authorization લેવું ફરજીયાત છે. આ BMW Authorization ની સમય મર્યાદા બેડેડ હોસ્પીટલ માટે ૫ (પાંચ) વર્ષ અને નોન બેડેડ ક્લીનીક/ડિસ્પેન્સરી માટે લાઈફ ટાઈમ રહેશે.
**<u>Annual Report :</u>** દરેક બેડેડ તથા નોન બેડેડ હોસ્પીટલ/ક્લીનીક માટે જી.પી.સી.બી.નું ''Annual Reprot Form-IV'' ભરવું ફરજીયાત છે. આ ફોર્મમાં હોસ્પીટલ/ક્લીનીકમાં દરેક વર્ષનાં જાન્યુઆરીથી ડિસેમ્બર માસ દરમ્યાન ઉત્પન્ન થયેલ બાયો મેડિકલ વેસ્ટ માટે તેમજ અન્ય વિગત માટે માહિતી ભરી દર વર્ષે ૩૦ જુન પહેલા રજુ કરવાનું રહેશે.

DISTRO

EST : 2002

# ડિસ્ટ્રોમેડ બાયો ક્લીન પ્રા. લી.

AN ISO 14001 : 2004 CERTIFIED COMPANY

**કોમન બાયો મેડીકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસીલીટી - રાજકોટ**

ISO 9001 : 2008 & 14001 : 2004
Certificate No.: SG/XX-V/12-650

## જૈવ તબીબી કચરાના નિકાલની વ્યવસ્થા

**જૈવ તબીબી કચરાનું ઉત્પન્ન સ્થળ**

↓

**સ્થળ પરથી જ કચરો એકઠો કરવો**

↓

**કચરાનું વર્ગીકરણ**

- હ્યુમન એનેટોમીકલ વેસ્ટ, સોઈલ્ડ વેસ્ટ, ડિસ્કાર્ડેડ લીનન, લોહી કે શરીરનાં પ્રવાહીથી ખરડાયેલી લીનન, બેડ્ઝ, બેડ શીટ વગેરે, એક્સ્પાયર્ડ અને ડિસ્કાર્ડેટ દવાઓ, માઈક્રો બાયોલોજી, બાયોટેક્નોલોજી તેમજ અન્ય ક્લીનીકલ લેબોરેટરી વેસ્ટ, કેમીકલ વેસ્ટ, પ્રવાહી કેમીકલ વેસ્ટ, એનીમલ વેસ્ટ
- કન્ટામીનેટેડ પ્લાસ્ટીક વેસ્ટ (રીસાયક્લેબલ) : ડિસ્પોઝલ વસ્તુઓ જેવી કે આઈ.વી. સેટ, આઈ.વી. બોટલ, નીડલ વગરની સીરીંજ, કેથેટર્સ, ટ્યુબીંગ, યુરીન બેગ, વેક્સીનેટેડ સીરીંજ વગેરે
- કાચની વસ્તુઓ તુટેલા / વપરાયેલ ગ્લાસ જેવા કે ગ્લાસ બોટલ, ઈન્જેક્શન વાયલ / એમ્પ્યુલ્સ (સાયટોટોક્સીક સિવાયનાં) મેટાલીક બોડી ઈમ્પ્લાન્સ
- શાર્પ વેસ્ટ પંક્ચર અને ઈજા થાય તેવી ધારદાર વસ્તુઓ જેવી કે બર્ન / કટ કરેલી નીડલ્સ, સ્કાલ્પવેઈન, આઈ.વી. સેટની નીડલ, એલ.પી. નીડલ, ટાંકા લેવાની નીડલ વગેરે (વપરાયેલ કે ખરાબ થયેલી દરેક ધારદાર મેટલ) (ધારદાર વસ્તુઓ)

**કચરાનો નિકાલ**

- ઈન્સીનરેશન / દહનક્રિયા
- ઓટોક્લેવીંગ / કેમીકલ ટ્રીટમેન્ટ અને સ્રેડીંગ
- ડિસઈન્ફેક્શન / ઓટોક્લેવીંગ
- ઓટોક્લેવીંગ / ડ્રાય હીટ સ્ટરીલાઈઝેશન

**પ્રક્રિયા દ્વારા નિકાલ**



કચરાનું વર્ગીકરણ




કચરાનું પરિવહન



કચરાનો નિકાલ

## જૈવ તબીબી કચરાનું વર્ગીકરણ

| વર્ગ | કચરાનો પ્રકાર | સંગ્રહ |
|---|---|---|
| કેટેગરી યેલો (Yellow) | હ્યુમન એનેટોમીકલ વેસ્ટ, સોઈલ્ડ વેસ્ટ, ડિસ્કાર્ડેડ લીનન, લોહી કે શરીરનાં પ્રવાહીથી ખરડાયેલી લીનન, બેડ્ઝ, બેડ શીટ વગેરે, એક્સપાયર્ડ અને ડિસ્કાર્ડેટ દવાઓ, માઈક્રો બાયોલોજી, બાયોટેક્નોલોજી તેમજ અન્ય ક્લીનીકલ વેસ્ટ, કેમીકલ વેસ્ટ (અલગ કન્ટેઈનરમાં), પ્રવાહી કેમીકલ વેસ્ટ (અલગ કન્ટેઈનરમાં), એનીમલ વેસ્ટ. | યેલો (પીળી) બેગ |
| કેટેગરી રેડ (Red) | કન્ટામીનેટેડ પ્લાસ્ટીક વેસ્ટ (રીસાયક્લેબલ) : ડિસ્પોઝલ વસ્તુઓ જેવી કે આઈ.વી. સેટ, આઈ.વી. બોટલ નીડલ વગરની સીરીંજ, કેથેટર્સ, ટ્યુબીંગ, યુરીન બેગ, વેક્સીનેટેડ સીરીંજ વગેરે. | રેડ (લાલ) બેગ |
| કેટેગરી બ્લુ (Blue) | કાચની વસ્તુઓ તુટેલા / વપરાયેલ ગ્લાસ જેવા કે ગ્લાસ બોટલ, ઈન્જેક્શન વાયલ / એમ્પ્યુલ્સ (સાયટોટોક્સીક સિવાયનાં) મેટાલીક બોડી ઈમ્પ્લાન્સ | બ્લુ (વાદળી) બેગ / બ્લુ સિમ્બોલ સાથે કાર્ડબોર્ડ બોક્સ |
| કેટેગરી વ્હાઈટ (White) | શાર્પ વેસ્ટ : પંક્ચર અને ઈજા થાય તેવી ધારદાર વસ્તુઓ જેવી કે બર્ન / કટ કરેલી નીડલ્સ, સ્કાલ્પવેઈન, આઈ.વી. સેટની નીડલ, એલ.પી. નીડલ, ટાંકા લેવાની નીડલ વગેરે (વપરાયેલ કે ખરાબ થયેલી દરેક ધારદાર મેટલ) | સફેદ ટ્રાન્સ્પેરન્ટ પંક્ચર પ્રુફ કન્ટેઈનર્સ |